
ગાંધીનગર સમાચાર

# રાજ્યના દરિયાકાંઠે તીવ્ર વાવાઝોડાનું સંકટ



**અરબી દરિયામાં હવાનું દબાણ સર્જાયું : ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈને આગળ વધે તેવી સંભાવના : મહારાષ્ટ્ર, ગોવા અને ગુજરાતમાં ભારે વરસાદની આગાહી : ડિપ્રેશન મુંબઈથી ૬૯૦ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમે સ્થિત : ૬૫ કિમી ઝડપે પવન ફુંકાઈ શકે**

અમદાવાદ,તા. ૭

અરેબિયન દરિયામાં ડિપ્રેશનની સ્થિતિ સર્જાઈ ગઈ છે જેથી ગુજરાતમાં ભારે વરસાદ સાથે વાવાઝોડાનું સંકટ પણ તોળાઈ રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા ડિપ્રેશનની સ્થિતિ ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. અરેબિયન દરિયામાં સર્જાયેલું ડિપ્રેશન વધુ ગંભીર અને ડીપ બનીને આગળ વધે તેવી શક્યતા દેખાઈ રહી છે જેથી મહારાષ્ટ્ર, ગોવા અને ગુજરાતમાં ભારે વરસાદ પડી શકે છે. સાથે સાથે ચક્રવાતી વાવાઝોડાનું સંકટ પણ તોળાઈ રહ્યું છે. ચક્રવાતના કારણે ગુજરાતના દરિયા કાંઠાના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદની શક્યતા રહેલી છે. મોનસુનની પ્રગતિ ઉપર પણ આ પ્રકારની સ્થિતિ અસર કરી શકે છે. હવામાન વિભાગે ચક્રવાતી વાવાઝોડા તરીકે આને ગણાવ્યું નથી પરંતુ ખાનગી હવામાન સંસ્થા સ્કાયમેટે કહ્યું છે કે, ડિપ્રેશન પહેલાથી જ ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ ચુક્યું છે અને તે પ્રચંડ અને ચક્રવાતી વાવાઝોડાના સ્વરુપમાં આગળ વધી રહ્યું છે. નવેસરના સેટેલાઈટ ફોટાઓ અને તારણો સંકેત આપે છે કે, ડિપ્રેશન પૂર્વ મધ્ય અરેબિયન દરિયામાં સર્જાયું છે અને તે આજે ૮.૩૦ વાગે સવારે કેન્દ્રમાં હતું જે મુંબઈથી ૬૯૦ કિલોમીટર દક્ષિણ પશ્ચિમે અને ૭૪૦ કિલોમીટર દક્ષિણ પશ્ચિમે ગુજરાતમાં સ્થિત હતું. તે વધુ ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈને આગળ વધશે જેના લીધે ૬૫ કિલોમીટરની પ્રતિકલાકની ઝડપે પવન ફુકાઈ શકે છે. દરિયાઈ સ્થિતિ પણ બદલાઈ શકે છે.

હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, વાવાઝોડુ ત્રાટકવાની શક્યતા દેખાઈ રહી છે. આ પ્રકારની સ્થિતિ આગળ વધીને વરસાદ લાવી શકે છે. આગામી ગાળામાં મહારાષ્ટ્ર, કોંકણ, ગોવાના દરિયાકાંઠામાં તીવ્ર પવન ફુંકાઈ શકે છે. બીજી બાજુ મધ્ય અરબી સમુદ્રમાં સિસ્ટમ મજબૂત બનીને ડિપડિપ્રેશનમાં ફેરવાઈ જતાં વરસાદની શરૂઆત ઘણા વિસ્તારોમાં થઈ ચુકી છે. હવામાન વિભાગે આગામી ૪૮ કલાક દરમિયાન વરસાદની સાથે સાથે વાવાઝોડાની આગાહી કરી છે.

**રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં સેનાના જવાનોને ખાતરી આપી**

## પંચની ખાસ ટીમો આજે બિહાર પહોંચશે : ચૂંટણી તૈયારીઓ શરૂ

નવીદિલ્હી,તા. ૭

બિહારમાં વિધાનસભાની ચૂંટણી આ વર્ષમાં જ યોજનાર છે ત્યારે ચૂંટણી પંચે આની તમામ તૈયારી પણ શરૂ કરી દીધી છે. ચૂંટણી પંચની ઓડિટરોની ખાસ ચાર ટીમો આવતીકાલે બિહાર પહોંચનાર છે. ચૂટણી પંચની આ ટીમો દ્વારા મતદાર યાદીની ઉંડી ચકાસણી કરવામાં આવનાર છે. મતદાર યાદીમાંતી બોગસ નામ રદ કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવનાર છે. ચાર ટીમોમાં જુદા અધિકારી રહેશે. એક ટીમમાં કુલ છ અધિકારી રાખવામાં આવી રહ્યા છે. ચૂંટણી પંચ દ્વારા હાલમાં રચવામાં આવેલા રેગ્યુલેટરી ઓડિટ ડિવીઝના અધિકારીઓ આમાં સામેલ રહેશે. સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે રેગ્યુલેટરી ઓડિટ ડિવીઝનની રચના કરવામાં આવ્યા બાદ ટીમમાં રહેલા અધિકારી પ્રથમ વખત તેની ચૂટણી જવાબદારી અદા કરવા જઈ રહ્યા છે. ઓડિટ ડિવીઝન પાસે કેટલીક સત્તા રહેશે. તે યોગ્ય સુધારા મતદાર યાદીમાં કરી શકશે. મતદાર યાદીની ગુણવત્તાને જાળવી રાખવા સહિતની કામગીરી તેની રહેશે. આ ટીમોને બનાવટી નામ રદ કરવા, નામમાં સુધારા કરવા, ચૂંટણી ઓળખપત્ર આપવા અને મતદારો દ્વારા મતદાર નોંધણી અધિકારીને સુપ્રત કરવામાં આવેલા જુદા જુદા ફોર્મનો નિકાલ લાવવા સહિત મતદાર યાદીમાં અભ્યાસ કરવા માટેની સત્તા છે.

આ ટીમો તમામ ૩૮ જિલ્લાઓને આવરી લેશે. આ ટીમ આવતીકાલથી તેમની યાત્રા શરૂ કરશે અને ૧૩મી જુન સુધી બિહારમાં જ રહેશે. આગામી તબક્કામાં આ ટીમ ફરી ૧૪મી જુનથી ૧૫મી જુલાઈ વચ્ચે રહેશે. ત્યારબાદ અંતમાં ૧૬મી જુલાઈથી વધુ એક પ્રવાસ કરશે. બિહારમાં વિધાનસભાની ચૂંટણી માટેની તૈયારી ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે આ ટીમો મતદાર યાદીમાં ચકાસણી કરનાર છે. બિહારમાં વિધાનસભાની ચૂંટણી સપ્ટેમ્બર-ઓક્ટોબરમા યોજાય તેવી શક્યતા છે. બિહારમાં ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષો તૈયારીમાં લાગી ગયા છે.આ વખતે બિહાર વિધાનસભાની ચૂંટણી ઐતિહાસિક રહી શકે છે. કારણ કે, ભાજપ સાથે અલગ થયા બાદ જેડીયુ પ્રથમ વખત ચૂંટણી મેદાનમાં છે. જનતા પરિવારના મર્જરમાં હજુ સફળતા હાથ લાગી રહી નથી. લાલૂ યાદવ અને નીતિશકુમાર વચ્ચે જોરદાર ખેંચતાણની સ્થિતિ રહેલી છે. આ તમામ સંજોગોમાં બિહારમાં ચૂંટણી તૈયારી ચાલી રહી છે. બિહારમાં ચૂંટણીની તૈયારીમાં નાના પક્ષો પણ લાગેલા છે. નાના પક્ષોને મોટા પક્ષો વધારે મહત્વ આપી રહ્યા છે. કારણ કે બહુમતિ નહીં મળવાની સ્થિતિમાં નાના પક્ષોની ભૂમિકા ખુબ જ મહત્વપૂર્ણ રહી શકે છે. રામવિલાસ પાસવાનની પાર્ટી એલજેપીની ભૂમિકા પમ ઉપયોગી સાબિત થઈ શકે છે. કારણ કે, આ પાર્ટી દલિતોમાં પ્રભુત્વ ધરાવે છે. આવી સ્થિતિમાં ચૂંટણીમાં નાના પક્ષોની અવગણના કરવી દરેક પાર્ટી માટે ખતરનાક સાબિત થઈ શકે છે. લાલૂ અને નીતિશ એક સાથે ચૂંટણી લડવા માટે સહમત થઈ જતાં સ્પર્ધા વધુ તીવ્ર બનવાના સંકેત છે.

## બેટલ ઓફ બિહાર : લાલૂ-નીતિશ સાથે મળીને ચૂંટણી લડવા સહમત

નવીદિલ્હી,તા. ૭

બિહારમાં ચૂંટણીની તૈયારીમાં ચૂંટણી પંચ એક બાજુ વ્યસ્ત છે ત્યારે બીજી બાજુ ભાજપને સત્તાથી દૂર રાખવા આખરે જેડીયુ અને આરજેડી વચ્ચે ગઠબંધનની આજે ઘોષણા કરી દેવામાંઆવી હતી. જનતા પરિવારના ઘટકો વચ્ચે સૂચિત ગઠબંધનને લઈને મડાગાંઠની સ્થિતિ વચ્ચે જેડીયુ અને આરજેડી સાથે મળીને ચૂંટણી લડવા રાજી થઈ ગયા છે. લાલૂ પ્રસાદ યાદવ અને નીતિશકુમાર સાથે મળીને ચૂંટણી લડશે પરંતુ મુખ્યમંત્રી પદ ઉપર કોઈપણ પ્રકારનો નિર્ણય થઈ શક્યો નથી. દિલ્હીમાં સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવના આવાસ ઉપર જનતા પરિવારના નેતા નીતિશકુમાર અને લાલૂ યાદવની બેઠક બાદ સમાજવાદી પાર્ટીના નેતા રામગોપાલ યાદવે જાહેરાત કરી હતી કે, બિહાર ચૂંટણીમાં ગઠબંધનના પ્રશ્નો ઉપર લાલૂ યાદવ અને નીતિશકુમાર વચ્ચે સહમતિ થઈ ચુકી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, બેઠકોની વહેંચણી માટે બંને પાર્ટીઓના ત્રણ ત્રણ સભ્યોની એક કમિટિ બનાવવામાં આવશે. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, મુખ્યમંત્રી પદના હોદ્દા માટે કોઈ સમજૂતિ થઈ નથી. રામગોપાલ યાદવે વધુમાં કહ્યું હતું કે, બેઠકમાં એવો નિર્ણય કરાયો હતો કે, ચૂંટણી મર્જરના આધાર પર જ થશે. મુખ્યમંત્રી પદને લઈને કોઈપણ મતભેદ નથી. મુખ્યમંત્રી પદના મુદ્દે જેડીયુના વલણ અંગે પૂછવામાં આવતા પાર્ટી પ્રવક્તા અજય આલોકે કહ્યું હતું કે, જેડીયુનું વલણ બિલકુલ સ્પષ્ટ છે. ચૂંટણી નીતિશકુમારના નેતૃત્વમાં જ લડવામાં આવે તે જરૂરી છે. કોંગ્રેસ પણ આની તરફેણ કરે છે. આ અગાઉ નીતિશકુમારે રાહુલ ગાંધી સાથે પણ વાત કરી હતી. દરમિયાન રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા તારીક અનવરે બંને નેતાઓને અપીલ કરતા કહ્યું છે કે, નીતિશ અને લાલૂને ગઠબંધનના મુદ્દા પર પોતાના જિદ્દી વલણને છોડી દેવાની જરૂર છે. તારીક અનવરની પાર્ટી બિહારમાં આરજેડી અને કોંગ્રેસની સાથે મળીને ચૂંટણી લડશે. અલબત્ત આરજેડીમાંથી બહાર થયેલા સાંસદ પપ્પુ યાદવે જનતા પરિવાર બેઠક અંગે કહ્યું હતું કે, બિહાર ચૂંટણીમાં લાલૂ અને નીતિશ હવે કોઈ મોટો મુદ્દો રહ્યો નથી. બિહારમાં વિધાનસભાની ચૂંટણી સપ્ટેમ્બર-ઓક્ટોબરમા યોજાય તેવી શક્યતા છે. બિહારમાં ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષો તૈયારીમાં લાગી ગયા છે.આ વખતે બિહાર વિધાનસભાની ચૂંટણી ઐતિહાસિક રહી શકે છે.રામવિલાસ પાસવાનની પાર્ટી એલજેપીની ભૂમિકા પમ ઉપયોગી સાબિત થઈ શકે છે. કારણ કે, આ પાર્ટી દલિતોમાં પ્રભુત્વ ધરાવે છે. આવી સ્થિતિમાં ચૂંટણીમાં નાના પક્ષોની અવગણના કરવી દરેક પાર્ટી માટે ખતરનાક સાબિત થઈ શકે છે. લાલૂ અને નીતિશ એક સાથે ચૂંટણી લડવા માટે સહમત થઈ જતાં સ્પર્ધા વધુ તીવ્ર બનવાના સંકેત છે.



**જેટલી વિવિધ પાસા પર ચર્ચા કરશે**

## પીએસયુ બેંકોના વડાઓ સાથે ૧૨મીએ બેઠક થશે

નવી દિલ્હી,તા. ૭

નાણામંત્રી અરુણ જેટલી ૧૨મી જૂનના દિવસે જાહેર ક્ષેત્રની બેંકોના વડાઓને મળશે અને બેંકના વાર્ષિક દેખાવની સમીક્ષા કરશે. બેઠકમાં બેડલોનની સ્થિતિના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. અરુણ જેટલી વિકાસને પ્રોત્સાહન આપવા માટે આરબીઆઈ દ્વારા રેટમાં મુકવામાં આવેલા કાપના લાભ સામાન્ય લોકોને આપવા રજૂઆત કરે તેવી શક્યતા છે. સૂત્રોએ કહ્યું છે કે, બેઠકમાં જનધન યોજના અને વડાપ્રધાનની સામાજિક સુરક્ષા યોજનાઓની પ્રગતિની સમીક્ષા પણ કરવામાં આવશે. રિઝર્વ બેંકે જાન્યુઆરી બાદથી રેપોરેટમાં ૦.૭૫ ટકાનો ઘટાડો કર્યો છે પરંતુ તમામ બેંકોએ ગ્રાહકોએ ઓછા વ્યાજદરની સુવિધા હજુ આપી નથી. ગયા સપ્તાહમાં જ આરબીઆઈએ રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો અને રેટને ૭.૨૫ ટકા કરી દીધો હતો. આ વર્ષે ત્રીજી વખત રેટમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. જેટલી નોનપરફોર્મિંગ એસેટના મુદ્દા ઉપર પણ વાતચીત કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ૯૫૧૨૨ કરોડની બેડલોન ઉપર ૩૦ ડિફોલ્ટરો રહેલા છે. મિટિંગમાં અન્ય પાસાઓ ઉપર પણ ચર્ચા કરાય તેવી વકી છે.

**૯૮૦૦૦ કરોડના પ્રોજેક્ટો લોંચ કરવા તૈયારી**

## મોદી ૨૫મીએ સ્માર્ટસિટી, અમૃત પ્રોજેક્ટો લોન્ચ કરશે

નવી દિલ્હી, તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫મી જૂનના દિવસે ૯૮૦૦૦ કરોડના સ્માર્ટસિટી અને અમૃત પ્રોજેક્ટ વિધિવતરીતે લોંચ કરશે. શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરફ વિશેષ ધ્યાન આપવામાં આવનાર છે. મોદીની મહત્વકાંક્ષી પહેલ તરીકે આને જોવામાં આવે છે. જોરદારરીતે વધી રહેલી વસતી સાથે શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર માળખાને વધુ વ્યવસ્થિત બનાવવામાં આવશે. મોદી બે મોટા પ્રોજેક્ટ જેમાં સ્માર્ટસિટી અને અમૃતનો સમાવેશ થાય છે તેના માટે માર્ગદર્શિકા અમલી બનાવવાની જાહેરાત કરશે. અટલ મિશન ફોર રેજુવેન્શન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવશે. રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશના અધિકારીઓની ઉપસ્થિતિમાં વિજ્ઞાન ભવન ખાતે આ બે યોજના લોંચ કરવાની જાહેરાત કરવામાં આવનાર છે. શહેરી વિકાસમંત્રી વેંકૈયા નાયડુએ આજે કહ્યું હતું કે, ૨૫મી જૂનનો દિવસ શહેરી વિકાસના ક્ષેત્ર માટે ખુબ જ મહત્વપૂર્ણ રહેશે. રાજ્ય સરકારો માટે મુખ્ય પડકારરુપ દિવસ રહેશે. કેન્દ્ર અને આ સેક્ટરમાં અન્ય સંશાધનો દ્વારા જંગી રોકાણના અસરકારક ઉપયોગ માટે સ્થિતિને સરળ બનાવવામાં આવશે. રાજ્ય સરકારો અને શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે વિશેષ રૂપરેખા તૈયાર થશે. નાયડુએ કહ્યું હતું કે, આ બેવડા પ્રોજેક્ટનો મુખ્ય હેતુ શહેરી વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંતરના મુદ્દાને હાથ ધરવાનો છે. તમામ શહેરો વધુ રહેવા લાયક બને તેનો હેતુ રહેલો છે. બિઝનેસની પ્રવૃત્તિ સુધરે તથા ગરીબોના લાભ માટે ઈન્વેસ્ટમેન્ટ સ્થિતિ સર્જાય તેનો હેતુ રહેલો છે. કેન્દ્રિય કેબિનેટે થોડાક સમય પહેલા જ ૧૦૦ સ્માર્ટસિટી અને ૫૦૦ શહેરો માટે નવા અર્બન રિન્યુઅલ મિશન પ્રોજેક્ટને મંજુરી આપી હતી અને ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનું નામઅપાયું છે. આગામી પાંચ વર્ષ માટે ૯૮૦૦૦ કરોડની કુલ ફાળવણી કરવામાં આવી છે. સ્માર્ટસિટી પ્રોજેક્ટ ઉપર ૪૮૦૦૦ કરોડ ખર્ચ થશે જ્યારે અમૃત પર ૫૦૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરાશે. મોદી લોંચ વેળા ૧૦૦ સ્માર્ટસિટી અને ૫૦૦ અમૃત શહેરો વિકસિત કરવા માટે રૂપરેખા તૈયાર કરશે. કેન્દ્રની ગ્રાન્ટની રકમ અને રાજ્યોને ફાળવવામાં આવનાર સ્માર્ટસિટીની સંખ્યાની પણ જાહેરાત કરશે. સિંગાપોર, જાપાન, ફ્રાન્સ અને અમેરિકા જેવા દેશો સ્માર્ટસિટી પ્રોજેક્ટમાં ભારતને મદદ કરવા અને પાર્ટનર બનવા તૈયાર થયા છે. આ પ્રોજેક્ટ એરિયા આધારિત અભિગમ સાથે આગળ ચાલશે. બીજી બાજુ અમૃતમાં પાણી પુરવઠા, સેવેજ, સ્ટોર્મ વોટર ડ્રેન, પરિવહન અને ગ્રીન સ્પેસના વિકાસ, બાળકોની જરૂરિયાતને પહોંચી વળવા ખાસ જોગવાઈ સાથે પાર્ક ઉપર ધ્યાન અપાશે.

## મ્યુચ્યુઅલ ફંડ દ્વારા મે માસમાં ૪૨૦૦ કરોડ આકર્ષિત કરાયા

નવી દિલ્હી,તા. ૭

મ્યુચ્યુઅલ ફંડ મે મહિનામાં ૪૨૦૦ કરોડ રૂપિયા આકર્ષિત કરવામાં સફળ રહેતા નવી આશા જાગી છે. આની સાથે જે નેટ પ્રવાહનો આંકડો છેલ્લા એક વર્ષમાં ૫૭૦૦૦ કરોડ સુધી પહોંચી ગયો છે. ઈક્વિટીમાંથી હકારાત્મક રિટર્ન મળવાના કારણે મ્યુચ્યુઅલ ફંડ જંગી નાણાં આકર્ષિત કરવામાં સફળ રહેવાનો દાવો નિષ્ણાંત દ્વારા કરવામાં આવ્યો છે. માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં કહેવામાં આવ્યું છે કે એફએફ હાઉસ દ્વારા આ વર્ષે મે મહિનામાં શેરબજારમાં ૪૧૭૭ કરોડ રૂપિયા ઠાલવી દેવામાં આવ્યા છે. મે ૨૦૧૪ના બીજા અડધા ગાળાથી ઈક્વિટીમાં નાણાં આવવાની શરૂઆત થઈ ગઈ છે. સામાન્ય ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ નાણાંનો વરસાદ શરૂ કરાયો હતો. આ પહેલા એમએફ દ્વારા સેરબજારમાં નેટ સેલર્સની સ્થિતી રહી હતી. ગયા વર્ષે એપ્રિલમાં પણ નાણાં જતા રહ્યા હતા. મે ૨૦૧૪ બાદથી ફંડ હાઉસ દ્વારા શેરબજારમાં ૫૬૮૪૧ કરોડ રૂપિયા ઠાલવી દેવામાં આવ્યા છે. શેરબજારમાં હાલમાં ઉથલપાથલ છતાં ફંડ મેનેજર ઈક્વિટી માર્કેટને લઈને આશાવાદી છે. માર્કેટ બેન્ચમાર્ક સેન્સેક્સમાં છેલ્લા એક વર્ષમાં ૩૬૧૧ પોઈન્ટનો અથવા તો ૧૫ ટકાનો ઉછાળો રહ્યો છે. સેન્સેક્સ આ વર્ષની શરૂઆતમાં ૩૦ હજારની સપાટીને કુદાવી ગયો હતો જો કે ત્યારબાદ તેમાં જોરદાર કડાકો બોલાયો છે અને હવે સેન્સેક્સ ૨૬૭૬૮ની સપાટી પર રહ્યો છે.

**સ્વદેશી મેગી ટૂંકમાં જ લવાશે**

## ઝેર વેચનાર કંપનીઓની કોઈ જરૂર નથી : રામદેવ

નવી દિલ્હી,તા. ૭

એક બાજુ મેગી વિવાદને લઈને ચર્ચાનો દોર ચાલી રહ્યો છે ત્યારે યોગગુરુ બાબા રામદેવે જાહેરાત કરી દીધી છે કે, તેઓ ટૂંક સમયમાં જ દેશના બજારોમાં મેગીના વધુ આરોગ્યવાળા વિકલ્પ નૂડલ્સ રજૂ કરશે. યોગગુરુએ કહ્યું છે કે, પતાંજલિ નૂડલ્સમાં જરૂર કરતા વધારે પ્રમાણમાં મેદાનું પ્રમાણ રહેશે નહીં. બાળકોને તેમનો સ્વાદ મળે તેની કાળજી પણ રાખવામાં આવશે. સાથે સાથે રામદેવે એમ પણ કહ્યું છે કે, તેમના નૂડલ્સમાં કોઈપણ પ્રકારના નુકસાનકારક તત્વો રહેશે નહીં. મેગીના મુદ્દા ઉપર યોગગુરુએ કહ્યું હતું કે, મેગીએ માફી માંગવી જોઈએ.




સરકાર કઠોર પગલા લે છે તો મેગીને દેશમાંથી બહાર જતા રહેવાની ફરજ પડી શકે છે. મેગીની જોરદાર ઝાટકણી કાઢતા તેમણે કહ્યું હતું કે, અમને એવી કંપની જોઈતી નથી જે ઝેર વેચી રહી છે. આ ખુબ જ ત્રાસદાયક બાબત છે કે, આવી પ્રોડક્ટ વેચાઈ રહી છે જે બાળકોના હાર્ટ અને કિડની ઉપર અસર કરી રહી છે. રામદેવે પોતાની પ્રોડક્ટમાં નૂડલ્સ ઉપરાંત હેરડાઈ અને જેલ અંગે પણ માહિતી આપી હતી. સાથે સાથે તેઓએ બાળકોના પસંદગીના બોર્નવિટા, હોર્લિક્સની જેમ જ પૌષ્ટિક ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવાની વાત કરી હતી. યોગગુરુ બાબા રામદેવ દ્વારા કરવામાં આવેલા નિવેદનને લઈને હજુ સુધી કોઈ રાજકીય પક્ષોની પ્રતિક્રિયા મળી નથી પરંતુ એમ માનવામાં આવે છે કે, યોગગુરુની જાહેરાત પણ આગામી દિવસોમાં ચર્ચા જગાવી શકે છે. મેગી નૂડલ્સ ઉપર દેશના ઘણા રાજ્યોમાં પ્રતિબંધ મુકી દીધો છે અને મેગી અને નેસ્લેએ પોતાનો જથ્થો પાછો ખેંચી લીધો છે.

## આરએસએસના વડા મોહન ભાગવતને ઝેડ+ સલામતી

નવી દિલ્હી,તા. ૭

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતને ટોપ કેટેગરીની ઝેડપ્લસ સિક્યુરીટી છત્ર આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેના ભાગરુપે સીઆઈએસએફના કમાન્ડો તેમની સુરક્ષામાં રહેશે. સંઘ વડાને ઝેડપ્લસ વીવીઆઈપી સુરક્ષા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અધિકારીઓનું કહેવું છે કે, ભાગવત સાથે હવે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સના જવાનોની ટુકડી રહેશે. નાગપુરમાં આરએસએસ હેડક્વાર્ટર ખાતે પણ તેમના રોકાણ દરમિયાન જવાનોની આ ટુકડી રહેશે. મહારાષ્ટ્ર અને દેશના અન્ય ભાગમાં જ્યાં પણ તેઓ જશે ત્યાં આ સુરક્ષા જવાનો રહેશે. ભાગવતને હાલમાં મળી રહેલી ધમકીઓના અનુસંધાનમાં આ સુરક્ષા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, મોહન ભાગવતને હાલમાં મહારાષ્ટ્ર પોલીસના યુનિટ અને તેના સશસ્ત્ર રિઝર્વ યુનિટના જવાનો સુરક્ષા આપે છે. સુરક્ષા છત્રના ભાગરુપે આરએસએસ સરસંઘ ચાલક ૨૪ કલાક આશરે ૬૦ કમાન્ડો ધરાવશે.

**આરબીઆઈને લાયસન્સ માટે ૭૨ અરજી મળી**

## બે મહિનામાં નાની અને પેમેન્ટ બેંકોને લાયસન્સ

### બેંક લાયસન્સ મેળવવા ટપાલ, ટેક મહિન્દ્રા, વિડિયોકોન, એનએસઈ, અંબાણી, બિરલા દ્વારા અરજીઓ કરાઈ છે

નવી દિલ્હી,તા. ૭

રીઝર્વ બેંક આગામી બે મહિનામાં નાની અને પેમેન્ટ બેંકો માટે લાયસન્સ જારી કરશે. લાયસન્સના પ્રથમ સેટ જારી કરવાનો તખ્તો આરબીઆઈ દ્વારા તૈયાર કરી લેવામાં આવ્યો છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આરબીઆઈને પેમેન્ટ બેંક લાયસન્સ માટે ૪૧ અરજી અને નાના ફાયનાન્સ બેંક લાયસન્સ માટે ૭૨ અરજી મળી ચુકી છે. આ અરજીમાં ટપાલ વિભાગ, ટેક મહિન્દ્રા, વિડિયોકોન ગ્રુપ અને સ્ટોક એક્સચેંજ એનએસઈનો સમાવેશ થાય છે. ઉપરાંત મોટા કોર્પોરેટ હાઉસ તરફથી પણ અરજી મળી ચુકી છે. જેમાં્ બાણી અને બિરલાનો સમાવેશ થાય છે. એનઆરઆઈ બિઝનેસમેન એમએ યુસુફ અલીના લુલુ ગ્રુપ અને માઈક્રોફાયનાન્સ કંપની ઉજ્જીવન ફાયનાન્સિયલ સર્વિસનો પ્રાઈવેટનો પણ સમાવેશ થાય છે. કુલ ૧૧૩ અરજી આવી ચુકી છે. નાની બેંકોને લાયસન્સ આપવાનો હેતુ ફાયનાન્સિયલ મામલે તેમનો સમાવેશ કરવાનો છે. ઓગષ્ટના અંત સુધી નવા બેકિંગ લાયસન્સ જારી કરવામાં આવનાર છે. આના માટે આરબીઆઈ દ્વારા તમામ તૈયારી કરી લેવામા આવી છે. આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન હાલમાં કહ્યું હતુ કે ઓગષ્ટના અંત સુધી નવા બેકિંગ લાયસન્સ જારી કરવામાં આવનાર છે. આના માટે તમામ તૈયારી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતુ કે કેટલીક ખાનગી નાણાંકીય સંસ્થાઓ પણ બેકિંગ લાયસન્સ મેળવી લેવા માટે અરજી કરી ચુકી છે.

આરબીઆઈના પૂર્વ ગવર્નર બિમલ જાલનના નેતૃત્વમાં એક સમિતીએ ગયા વર્ષે ફેબ્રુઆરી તેનો અહેવાલ સુપ્રત કર્યો હતો. આ કમિટીએ સંબંધિત સંસ્થાઓના નામની ભલામણ કરી હતી. ભારતની રીઝર્વ બેંકે છેલ્લા બે દશકમાં ખાનગી સેક્ટરને ૧૨ બેંક લાયસન્સ આપ્યા છે. જે પૈકી જાન્યુઆરી ૧૯૯૩માં જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા પર આધારિત છે. રઘુરામ રાજન ટુંક સમયમાં લાયસન્સના મામલે અંતિમ નિર્ણય કરે તે પહેલા નિષ્ણાંતો સાથે વાતચીત પણ કરવામાં આવનાર છે. બેંક લાયસન્સ મંજૂર કરતી વેળા કેટલાક નિયમો તમામ કંપનીઓને પાળવા પડશે. જેમાં નાણાં સંબંધિત નિયમોનો પણ સમાવેશ થાય છે.કોમર્શિયલ બેંકોમાં ૨૭ જાહેર ક્ષેત્રની બેંકો, ૨૦ ખાનગી સેક્ટરની બેંકો, ૪૪ વિદેશી બેંકો અને ચાર લોકલ એરિયા બેંકોનો સમાવેશ થાય છે. જ્યારે ૫૬ ક્ષેત્રીય ગ્રામીણ બેંકોનો સમાવેશ થાય છે.

## અમરનાથ યાત્રા માટે કુલ ૧.૫ લાખ શ્રદ્ધાળુ નોંધાયા

શ્રીનગર,તા. ૭

અમરનાથ યાત્રા આગામી મહિનાથી શરૂ થઇ રહી છે ત્યારે ૫૯ દિવસ સુધી ચાલનારી વાર્ષિક અમરનાથ યાત્રામાં હજુ સુધી ૧.૫૦ લાખ શ્રદ્ધાળુઓ તેમની નોંધણી કરી ચુક્યા છે. સત્તાવાર પ્રવક્તાએ આજે માહિતી આપતા કહ્યું હતું કે, ૧.૫૦ લાખ યાત્રી અમરનાથ યાત્રા માટે તેમની નોધણી કરાવી ચુક્યા છે. અમરનાથ યાત્રા બીજી જુલાઈના દિવસે શરૂ થશે અને ૧૯મી ઓગસ્ટના દિવસે પૂર્ણ થશે. ડિવિઝનલ કમિશનરના નેતૃત્વમાં યોજાયેલી બેઠકમાં વિવિધ પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં વરિષ્ઠ નાગરિક, સેના અર્ધલશ્કરી દળો તથા પોલીસ અધિકારીઓએ હાજરી આપી હતી. અમરનાથ યાત્રાની વ્યવસ્થાની આ બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી. સૂત્રોએ કહ્યું છે કે, દરરોજ યાત્રા માટે ૭૫૦૦ યાત્રીઓને મંજુરી આપવામાં આવશે. બંને ટ્રેક પર શ્રદ્ધાળુઓ માટે તમામ વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. બે ટ્રેકમાં એક ટ્રેક અનંતનાગ જિલ્લામાં ૪૫ કિલોમીટરના પરંપરાગત પહેલગામ ગુફા માર્ગ છે જ્યારે અન્ય એક માર્ગ ૧૬ કિમીનો બલતાલ રૂટ છે જે ગદ્દરબાલ જિલ્લામાં આવે છે. આરોગ્ય વિભાગે પણ પહેલગામ અને બલતાલ રુટ ઉપર જુદા જુદા સ્થળ પર ૨૫ મેડિકલ સ્થાપિત કરી દીધા છે જ્યાં એમ્બ્યુલન્સની સુવિધા ઉપરાંત તમામ જરૂરી મેડિકલ સુવિધા રાખવામાં આવી છે. ગ્રાહક બાબતો અને જાહેર વિતરણ વિભાગ દ્વારા ખાંડ, એલપીજી, કેરોસીન અને અન્ય રેશનિંગની સુવિધા આપવા માટે જરૂરી વ્યવસ્થા ગોઠવી છે જ્યારે વિજળી વિભાગે પણ વિજ પુરવઠો ન ખોરવાય તે પ્રકારની વ્યવસ્થા પહેલગામ રુટ ઉપર ચંદનવાડી બેઝકેમ્પ સુધી કરી છે. ગુફા તરફ દોરી જતા માર્ગ ઉપર જનરેટરની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ૩૦૦૦૦ની વ્યવસ્થા પણ ગોઠવાઈ છે. પહેલગામ અને બલતાલ રુટ ઉપર જુદા જુદા સ્થળ પર ૧૨૦૦૦ ક્વિન્ટલ લાકડાની વ્યવસ્થા કરાઈ છે.